# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સરસ્વતી નદીના નવસર્જનથી ઉત્તર ગુજરાતનાં એક હજાર 500 હેક્ટરથી વધુ વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળશે.**
2. **કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે દેશની સૌપ્રથમ સુરત ગ્રીન વ્હીકલ નિતિ-2025નો શુભારંભ કરાવ્યો**
3. **લઘુત્તમ ટેકાના ભાવની ખરીદીમાં એરંડાના પાકનો સમાવેશ કરવા કૃષિ મંત્રી રાઘવજી પટેલની કેન્દ્ર સરકારને ભલામણ.**
4. **વડોદરામાં કાર્યરત GIRDA ત્રણ વર્ષમાં 10 કરોડ રૂપિયાથી વધુની આવક સાથે વિશ્વસનીય રાષ્ટ્રીય પ્રયોગશાળા તરીકે ઉભરી**
5. **એક અઠવાડિયામાં રાજ્યમાંથી ચોમાસુ વિદાય લે તેવી શક્યતા-અત્યાર સુધી રાજ્યમાં 25 ટકા વધુ વરસાદ નોંધાયો.**

----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM HIRABA SAROVAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સરસ્વતી નદીના નવસર્જનથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના એક હજાર 500 હેક્ટરથી વધુ વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળશે.

પાટણના સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના નવસર્જનની કામગીરીની શરૂઆત કરાવતા શ્રી પટેલે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જન શક્તિને જળ શક્તિ સાથે જોડીને રાજ્યમાં જળવ્યવસ્થાપનનું પાણીદાર આયોજન કર્યું.

## (બાઇટ : ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે માતૃશ્રી હીરાબા સરોવરનું પણ લોકાર્પણ કર્યું હતું.

---

# C R PATIL – SURAT GREEN VEHICLE POLICY

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ગઇકાલે દેશની સૌપ્રથમ સુરત ગ્રીન વ્હીકલ નિતિ-2025નો શુભારંભ કરાવ્યો. સુરતમાં પ્રદૂષણમુક્ત પરિવહન સુવિધાને પ્રોત્સાહિત કરવા અને શહેરને ઈ-મોબિલિટીમાં દેશભરમાં અગ્રણી શહેર બનાવવા સુરત મહાનગરપાલિકાએ આ નીતિ લાગુ કરી છે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે 142 કરોડના કામોનું ખાતમુહૂર્ત અને 21 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યુ, આવનારા 50 વર્ષમાં થનાર વસ્તીવધારો, શહેરીકરણને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાએ આગવું ભવિષ્યલક્ષી આયોજન કર્યું છે.

# બાઇટ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

---

## RAGHAVJI – MSP

કૃષિ મંત્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતે યોજાયેલી "નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રબી કેમ્પઇન-૨૦૨૫ "માં કેટલાક મહત્વના સૂચના કર્યા. દેશના 80 ટકા એરંડાનું ઉત્પાદન ગુજરાતમાં થતું હોવાથી તેમણે લઘુત્તમ ટેકાના ભાવની ખરીદીમાં એરંડાના પાકનો સમાવેશ કરવા કેન્દ્ર સરકારને ભલામણ કરી છે.

શ્રી પટેલે ટેકાના ભાવે મગફળી , ચણા અને સોયાબીનની ખરીદીમાં ઉત્પાદનના 25 ટકાની મર્યાદાને વધારીને 50 ટકા કરવા તેમજ ખાતર વિતરણ સંસ્થાઓને POS મશીનને બદલે કોમ્પ્યુટર અને થમ્બ સ્કેનર પૂરા પાડવા પણ સૂચન કર્યું હતું.

---

## TEKA NA BHAV

રાજ્યમાં અત્યાર સુધી સાડા નવ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્માએ જણાવ્યું કે, મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા 22 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

અત્યાર સુધી રાજ્યના 8 લાખ 79 હજારથી વધુ ખેડૂતોએ મગફળી માટે, ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે.

**(બાઇટ : ડૉ.અંજુ શર્મા- અધિક મુખ્ય સચિવ)**

---

## GIRDA

વડોદરામાં કાર્યરત ગુજરાત ઔદ્યોગિક સંશોધન અને વિકાસ સંસ્થા- GIRDA ત્રણ વર્ષમાં 10 કરોડ રૂપિયાથી વધુની આવક સાથે એક વિશ્વસનીય રાષ્ટ્રીય પ્રયોગશાળા તરીકે ઉભરી આવી. આ સંસ્થા વિવિધ ઔધોગિક ઉત્પાદનોની ચકાસણી ઉપરાંત પીવાના પાણીની પાઇપલાઇનની ગુણવતા ચકાસણીની કામગીરી કરે છે.

રાજ્ય સરકારના અનુદાનમાં 7 કરોડ 21 લાખ રૂપિયાથી વધુના સમર્થનથી , GIRDA એ રસાયણો, પ્લાસ્ટિક અને પોલિમરનો વેપાર કરતા ઉદ્યોગો માટે પોતાને રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત અને વિશ્વસનીય પ્રયોગશાળા તરીકે સ્થાપિત કરી છે.

રાજ્ય સરકારની 100 ટકા ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા તરીકે, GIRDA રાસાયણિક અને પેટ્રોલિયમ ક્ષેત્રોમાં નાના અને મધ્યમ ઉદ્યોગોને સંશોધન અને વિકાસ , તાલીમ, ગુણવત્તા નિયંત્રણ, ટેકનોલોજી અપગ્રેડ અને ઉત્પાદન વિકાસ દ્વારા ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

---

# PM BIRTH DAY CELBRATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે રાજયભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. અમદાવાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નમોત્સવ કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રધાનમંત્રીની જીવનગાથા દર્શાવતો મલ્ટીમીડિયા શૉ યોજાયો હતો. આ પ્રસંગે કલાકારોએ રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. જેને મોટી સંખ્યામાં ઉપસ્થિત શહેરીજનોએ માણ્યો હતો.

રાજકોટમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા , મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાનનો જિલ્લા કક્ષાના કાર્યક્રમ યોજાયો. જેમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ એક હજાર 245 વરિષ્ઠ નાગરિક લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત શ્રીમતી બાબરિયાએ રાજકોટ શહેરમાં "સ્વચ્છોત્સવ"નો શુભારંભ કરાવ્યો હતો.

ભાવનગરમાં મહા રક્તદાન શિબિરમાં એક હજારથી વધુ લોકોએ રક્તદાન કર્યું હતું. સ્વસ્થ નારી , સશક્ત પરિવાર અભિયાનના પ્રથમ દિવસે વડોદરા જિલ્લામાં 242 આરોગ્ય શિબિર યોજાઇ હતી. જેનો લાભ 20 હજારથી વધુ મહિલાઓએ લીધો .ઉપરાંત જિલ્લામાં ત્રણ સ્થળોએ રકતદાન શિબીર યોજાઈ જેમાં 125 બોટલ રક્ત એકત્રિત કરાયું.

---

# GST REFORMS

લોકોનું જીવન સરળ બનાવવા માટે ત્રીજી સપ્ટેમ્બરે GST પરિષદે અનેક ક્ષેત્રમાં કરના દરમાં ઘટાડાનો નિર્ણય કર્યો છે,

જેમાં  કાપડ ઉદ્યોગ પરના મોટા કર ઘટાડાથી સામાન્ય માણસ પરનો નાણાકીય બોજ હળવો થયો છે. માનવસર્જિત રેસા પરના  GST દર 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યા છે. આ અંગે સુરતના કાપડ વેપારી સુશિલ ગારોડિયાએ પ્રતિક્રિયા આપી.

**બાઇટ : સુશિલ ગારોડિયા, કાપડ વેપારી**

---

## WEATHER FORECAST

એક અઠવાડિયામાં રાજ્યમાંથી ચોમાસુ વિદાય લે તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અત્યાર સુધી રાજ્યમાં 25 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

બીજી તરફ 23 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સામાન્યથી  મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ હતું..

**(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)**

---

## GUJARAT RAIN

રાજ્યના 30 તાલુકામાં ગઇકાલે સામાન્ય વરસાદ નોંધાયો. સુરતમાં પોણા ત્રણ ઇંચ વરસાદ જ્યારે નવસારીમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો.

બીજી તરફ વરસાદને કારણે રાજ્યના 145 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ  93 ટકા ભરાયો છે. બનાસકાંઠા

જિલ્લાનો દાંતીવાડા જળાશયમાંથી 2 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવતા નીચાણ અને નદી કિનારા વિસ્તારમાં લોકોને એલર્ટ કરાયા છે.

---

## MUMBAI – VALSAD TRAIN FIRE

મુંબઇથી વલસાડ આવતી વલસાડ ફાસ્ટ પેસેન્જર ટ્રેનના એન્જિનમાં ગઈકાલે રાત્રે આગ લાગવાથી દુર્ઘટના સર્જાઈ. જો કે ટ્રેનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે અને આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાને પગલે મુંબઇથી અમદાવાદ વચ્ચેનો રેલ વ્યવહાર થોડાક સમય માટે ખોરવાયો હતો.

મુસાફરો માટે કેલ્વે રોડ સ્ટેશનથી પાલઘર અને દહાણુ રોડ તરફ વધારાની બસ સેવાઓની વ્યવસ્થા કરાઈ હતી.વાપી અને સુરત સ્ટેશનો પર મુસાફરોને માહિતી પૂરી પાડવા હેલ્પ ડેસ્ક ઊભું કરાયું હતું.

---

## BUDDHA DHARM-DHAMMA

અમદાવાદ ખાતે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ત્રણ દિવસીય ધર્મ-ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિસંવાદ આજથી શરૂ થશે.

જેમાં 16 દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. “ધર્મ – ધમ્મ” વિષય આધારિત આ પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, મોરેશિયસ અને ભૂતાન સરકારના મંત્રીશ્રીઓ , ઉપસ્થિત રહેશે. આ પરિસંવાદમાં 100થી વધુ સંશોધનપત્રો રજૂ કરાશે.

---